આજે જગદંબાની સાતમી શકિત મા કાળરાત્રીનું પૂજન

વાવોલ નજીક નારણનગરમાં વધુ એક ઘરફોડ

ઈન્ટરલોક તોડીને ઘુસેલા તસ્કરો દાગીના અને રોકડ મફી રુ.૭૭ હજારની મત્તા ચોરી ગયા : આ જ સોસાયટીમાં અઠવાડીયામાં બીજી ઘરફોડ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર નજીક વાવોલ ગામને અડીને આવેલા નારણનગર વિસ્તારમાં એક જ સોસાયટીમાં આ અઠવાડીયામાં બીજી વાર તસ્કર ટોળકી ત્રાટકી છે. પાંચેક દિવસ અગાઉ આ સોસાયટીમાં એક મકાનનુ તાળુ તુટ્યુ હતુ અને ૬૦ હજારની મત્તાની ચોરી થવા પામી હતી. જયારે આજે આ જ સોસાયટીમા બીજા મકાનનુ તાળુ તુટેલુ ધ્યાને આવ્યુ છે. તસ્કરો બે દિવસથી બંધ આ મકાનનુ ઈન્ટરલોક તોડી અંદરથી દાગીના તથા રોકડ મળી રૂ.૭૭ હજારની મત્તા ઉઠાવી ગયા છે. આ મામલે સે-૭ પોલીસે ગુનો દાખલ કરીને પીએસઆઈ ચૌધરીએ વધુ તપાસ શરુ કરી છે.

વાવોલને અડીને આવેલા નારણનગર વિસ્તારની સોસાયટીમાં મકાન નં ૩૬ ખાતે રહેતા વિપુલભાઈ ડાહ્યાભાઈ રાઠોડ ગઈ કાલે પરિવાર સાથે સે-૨૪ ખાતે રહેતા તેમના દિકરાને ઘરે રોકાવા ગયા હતા. ગઈ બપોરે તાળુ મારીને ગયેલા વિપુલભાઈ આજે બપોરે પરત આવ્યા તો તેમના મકાનનાં મુખ્ય દરવાજાનુ ઈન્ટરલોક તુટેલુ જોવા મળ્યુ હતુ. તેમના મકાનને ટાર્ગેટ બનાવીને તસ્કરોએ લોક તોડી મકાનમાં ઘુસીને હાથફેરો કરી લીધો હતો. મકાનમાંથી રૂ.૧૫૦૦ રોકડા તથા સોના-ચાંદીનાં દાગીના મળી કુલ રૂ.૭૬,૫૦૦ ની મત્તાની ચોરી કરી તસ્કર ટોળકી પલાયન થઈ ગઈ હતી. આ મામલે પોલીસને જાણ થતા પીએસઆઈ ચૌધરીએ મકાન માલીકની ફરિયાદને આધારે ગુનો દાખલ કરી ડોગ સ્કવોડ અને ફિંગરપ્રિન્ટ ટીમ બોલાવી તેમની મદદ લઈ ઉંડી તપાસ શરુ કરી છે. મળતી માહિતી મુજબ પાંચેક દિવસ પહેલા આ જ સોસાયટીમાં એક મકાનનુ તાળુ તુટ્યુ હતુ અને ૬૦ હજારની મત્તાની ચોરી થવા પામી હતી.

@ગાંધીનગર

● સમસ્ત ગુમા પરીવાર દ્વારા સાંજના પથી ૭ કલાક દરમિયાન પ્લોટ નં. ૨૩/૨, સે-૧ ખાતે સુંદરકાંડના પાઠ યોજાશે.

આર.જી. પટેલ શાળામાં નવરાત્રી મહોત્સવની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૭

શ્રીમતી આર.જી. પટેલ કન્યા શાળાના પટાંગણમાં નવરાત્રી ઉત્સવની ઉજવણી ધામધૂમપૂર્વક કરવામાં આવી હતી. આ ગરબા મહોત્સવમાં એસ.જી. પટેલ અંગ્રેજી પ્રાથમિક શાળાના ભૂલકાઓ પણ ઉત્સાહભેર જોડાયા હતા તેમજ નાથીબા કોલેજની વિદ્યાર્થીનીઓ પણ મન મુકીને ગરબે ઘુમી હતી. ગરબા સ્પર્ધાને અનુલક્ષી નિર્ણાયક તરીકે નાથીબા કોલેજના ફાલ્ગુનીબેન પટેલ, એમ.બી. પટેલ શાળાના વર્ષાબેન પટેલે નિર્ણાયક તરીકે સેવા આપી હતી.

માધ્યમિક વિભાગમાં સિયા જોષી, ઝરણા ભાવસાર તેમજ દેવાંશી ઠાકુર વિજેતા રહ્યા હતા. ઉચ્ચતર વિભાગમાં શ્રુતિ ત્રિવેદી, અંજલિ પટેલ અને જીલ જોષી વિજેતા બન્યા હતા તથા પેરમાં પ્રિયા પટેલ અને સ્પેની પટેલ, ધેનુ પટેલ અને કોમલ પરમાર, કૃપા આહી અને ગાયત્રી પટેલ વિજેતા બન્યા હતા. ગરબામાં જોડાનાર શિક્ષકોને પણ ઈનામથી નવાજવામાં આવ્યા હતા. જેમાં મંજુલાબેન ચૌધરી, નારણભાઈ બારોટ, ઉપરાંત બી.એડ. કોલેજના તાલીમાર્થી કીરણભાઈ વોરાને પણ ઈનામ એનાયત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન તૃપ્તીબેન શુકલએ કર્યું હતું.

ઘ-માર્ગ પર સે-૨/૩ નાં બસ સ્ટેન્ડ નજીક સ્કુલ વાન સળગી ઉઠી

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરના ઘ-માર્ગ પરથી જઈ રહેલી સ્કુલ વાન બપોરે સે-૨/૩ નાં બસ સ્ટેન્ડ નજીક (ઘ-દોઢ) પહોંચી ત્યારે અચાનક વાનમાંથી ધુમાડા નિકળવા માંડયા હતા. સ્કુલ વાન ચાલક બાળકોને ઉતારીને નિકળ્યો હોવાથી વાન ખાલી હતી. ડ્રાઈવરે ધુમાડા જોઈને તાત્કાલીક વાન સાઈડમાં કરી દીધી હતી અને સમય સુચકતા દાખવીને વાનમાંથી ઉતરી ગયો હતો. પળવારમાં જ વાનમાંથી આગ ભભુકી ઉઠી હતી. વાન સળગતી જોઈને આસપાસના વેપારીઓ તથા રહીશો ઉપરાંત ત્યાંથી પસાર થતા રાહદારીઓ એકઠા થઈ ગયા હતા અને આગ કાબુમાં લેવા વેપારીઓ પાણીની ડોલો લઈને દોડ્યા હતા ને પાણીનો મારો ચલાવી આગ કાબુમા લઈ લીધી હતી. સદ્‌ભાગ્યે આ ઘટનામાં કોઈને ઈજા કે જાન હાનિ થવા પામી ન હતી.

વાવોલની એમ.ડી. શાહ પ્રાથમિક શાળાના બાળકોને તાજેતરમાં શૈક્ષણિક પ્રવાસ કરાવાયો હતો. આ પ્રવાસમાં બાળકોને વિજયનગરના ઐતિહાસિક પોળોના જંગલ ઉપરાંત તિર્થધામ વિરેશ્વર મહાદેવ, શારણેશ્વર મહાદેવ, જૈન મંદિરો ઉપરાંત હરણાવ ડેમની મુલાકાત કરાવાઈ હતી. આ ઉપરાંત બાળકોને હિંમતનગર નજીકના વકતામુર ખાતેના મિની પાવાગઢ, બેરણા તેમજ ગિયોડ વગેરે તિર્થ સ્થળોની પણ મુલાકાત કરાવાઈ હતી. આ પ્રવાસમાં બાળકો સાથે શાળાના શિક્ષકગણ તેમજ અન્ય કર્મચારીગણ પણ જોડાયા હતાં.

ચિલોડા પાસે તબેલામાંથી ભેંસોની ચોરી

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર નજીક ચિલોડા ખાતે એક તબેલામાં તસ્કરોએ પશુઓની ઉઠાંતરી કરી હોવાની ઘટના અંગે પોલીસ ફરિયાદ નોંધાવા પામી છે. ચિલોડા ખાતે રહેતા અજીતભાઈ કેશાભાઈ પટેલને ચિલોડા-ઈસનપુર મોટા ગામ રોડ પર સ્થિત ચેહર માતાનાં મંદિર નજીક તબેલો છે. ગઈ કાલે વહેલી સવારે પીક અપ ડાલુ લઈને આવેલા પશુ ચોરો તેમના તબેલામાંથી બે ભેંસ અને એક પાડુ મળીને રૂ. ૧ લાખનાં પશુઓની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ મામલે તબેલા માલિકે ચિલોડા પોલીસ મથકમાં ફરિયાદ આપતા પીએસઆઈ આર.એસ.રાજપુતે ગુનો દાખલ કરીને ઉંડી તપાસ શરુ કરી છે.

એક વર્ષથી વોન્ટેડ બુટલેગર આખરે ઝડપાયો

ગાંધીનગર, તા.૭

જીલ્લાનાં અડાલજ પોલીસ સ્ટેશનનાં પ્રોહિબીશનનાં ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા બુટલેગરને ગાંધીનગર એસ.ઓ.જીની ટીમે ધાંગધ્રા ખાતેથી દબોચી લીધો છે. એસ.ઓ.જી પી.આઈ પરાગ ચૌહાણની ટીમનાં એ.એસ.આઈ સિરાજખાન, હે.કો હિતેન્દ્રસિંહ અને નરેન્દ્રસિંહની ટીમે જિલ્લાનાં વિવિધ ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓનાં લીસ્ટનો અભ્યાસ કરી અડાલજ પોલીસ સ્ટેશનનાં પ્રોહિબીશનનાં ગુનામાં છેલ્લા એક વર્ષથી વોન્ટેડ આરોપીને શોધી કાઢી પકડી પાડયો છે. સુરેન્દ્રનગર ધાંગધ્રા વિસ્તારમાં રહેતો અને મુળ મહેસાણાનાં હરસુડલનો વતની સુરેશ ઉર્ફે સુરો મથુર ઠાકોર ધાંગધ્રા હોવાની બાતમીના આધારે એસ.ઓ.જીની આ ટીમે તેને ધાંગધ્રા ખાતેથી પકડી પાડી અડાલજ પોલીસને સોંપવા તજવીજ શરુ કરી છે.

વાતવાતમાં

● વરસાદી કાદવ-કીચડ વાળા ગ્રાઉન્ડમાં ગરબા રમવાના કારણે ખૈલેયાઓના ડ્રેસ અને પગ નીચેથી ખૂબ જ કાદવવાળા થયા હતા. પગમાં તો કાદવ ખૂબ ઘસવાથી પણ જાણે જતો નહોતો અને ડ્રેસ કાદવવાળા થવાથી ડ્રાયક્લીનરવાળાઓને કમાણી થશે જ્યારે મમ્મીઓને તેને ધોવાનું કામ વધ્યું હતું.

● આજથી લગભગ શાળાઓ અને કોલેજોમાં રજાઓનો માહોલ છે જેના લીધે ખેલૈયાઓ છેલ્લા દિવસોમાં જો વરસાદ વિઘ્ન ન બને તો મન ભરીને ગરબા રમવાનો આનંદ ઉઠાવી શકશે.

સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા શરદપૂનમ નિમિત્તે રાસ ગરબાનું આયોજન

ગાંધીનગર, તા.૭

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર દ્વારા આગામી તા. ૧૫ ઓકટોબરને શનિવારના શરદપૂનમની રઢીયાળી રાત્રે ૮.૦૦ કલાકે બ્રહ્મભવન સે-૧૬ ના પટાંગણમાં ગરબા અને દૂધ-પૌંવા સાથે અલ્પાહારનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ રાસ ગરબામાં ભાગ લેવા માટે ટ્રેડીશનલ ડ્રેસ ફરજિયાત છે. બ્રહ્મભવન સે-૧૬ ખાતેથી ફ્રી એન્ટ્રી પાસ મેળવી લેવા સમાજના સભ્યોને જણાવાયું છે. તેમજ સ્ટોલ અને જાહેરાત માટે પણ બ્રહ્મભવન ખાતે સંપર્ક કરવા સમાજના પ્રમુખ પિનાકીન રાવલ અને મહામંત્રી નરેશભાઈ દવે દ્વારા જણાવાયુ છે.

ઊર્જા એમ્પ્લોઈઝ એસોસીએશન ઊર્જાનગર વિભાગ-૧ રાંદેસણના હોદ્દેદારોના પ્રતિનિધિ મંડળે વિધાનસભાના ઉપાધ્યક્ષ અને ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય શંભુજી ઠાકોરની શુભેચ્છા મુલાકાત લીધી હતી. ઉપાધ્યક્ષ તરીકે વરણી થતાં તેમને અભિનંદન પાઠવ્યા હતા અને પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું.

વાવોલની શાલીન-૪ સોસાયટીમાં આરતી સુશોભન સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરમાં નવરાત્રી ઉત્સવ મધ્યાહને પહોંચ્યો છે. શહેરના ગુડા વિસ્તાર વાવોલની શાલીન-૪ એપાર્ટમેન્ટ સોસાયટીમાં છેલ્લા ૬ વર્ષથી પરંપરાગત નવરાત્રી ઉત્સવની ઉજવણી કરવામાં આવે છે. આ સોસાયટીના છઠ્ઠા દિવસે આરતી સુશોભન સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં સોસાયટીની મહિલાઓ તથા દિકરીઓએ ભારે ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની અનોખી કલ્પના શકિત તથા સર્જનાત્મકતાના દર્શન કરાવ્યા હતા.

શાલીન-૪ એપાર્ટમેન્ટ સોસાયટીમાં યોજાયેલ આરતી સુશોભન સ્પર્ધામાં કુલ ૨૮ પ્રતિસ્પર્ધીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પ્રતિસ્પર્ધીઓએ વિવિધ થીમ આધારીત આરતીની થાળીઓ સજાવી હતી. જેમાં દેશપ્રેમ સાથેના ભારતીય લશ્કરી જવાનો દેશનું રક્ષણ કરતા હોય તેવી થીમ, અંબાજી મંદિરની પ્રતિકૃતિ, રૂપાલની પલ્લીની પ્રતિકૃતિ, પાણીમાં રંગોળી, ભારતીય સંસ્કૃતિના શુભ ચિહ્નો આધારિત એમ વિવિધ નયનરમ્ય સુશોભન સાથેની આરતીની થાળીઓ સજાવી હતી. આ સ્પર્ધામાં સોસાયટીની દિના ઉપાધ્યાય પ્રથમ ક્રમાંકે, હિમાલી ભોજક દ્વિતિય ક્રમે અને હેમાંગિની જોષી તૃતીય ક્રમે વિજેતા બન્યા હતા તમામ સ્પર્ધકોને વિવિધ ઈનામો આપી સન્માનવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પણ પાર્ટીસીપેટ ગીફટ આપી સન્માનવામાં આવ્યા હતા. સ્પર્ધાનું મૂલ્યાંકન તટસ્થ નિર્ણાયકો દ્વારા કરાયું હતું.

ગાંધીનગર શહેરમાં સેકટર-૩ સ્થિત એસ.એસ.વી. શાળાના બાળકો દ્વારા આજે ટ્રાફિક અવેરનેસ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. તારીખ ૩ ઓકટોબરથી ૧૩ ઓકટોબર સુધી વિદ્યાર્થીઓને દરરોજ વાહન નિયમો વિશે સમજણ આપવામાં આવશે. આ સલામતી અભિયાનમાં અમિત ખત્રી (રોડ એન્ડ સેફટી કન્સલટન્ટ) દ્વારા ઓડીયો વિઝયુઅલ સમજણ આપવામાં આવી હતી. ઉપરાંત જિલ્લા પોલિસ વડા યોગેન્દ્ર સિંહ યાદવે પણ આ તબક્કે બાળકોની સલામતી પરત્વે વિશેષ ધ્યાન આપે તે વિશે માર્ગદર્શન પુરું પાડયું હતું. ગાંધીનગર ટ્રાફિક પી.આઈ.જતીન પ્રજાપતિ દ્વારા આજ રોજ ૬૦૦ જેટલા વિદ્યાર્થીઓએ રેલી સ્વરૂપે ચ-૩, ઘ-૩, ઘ-૫, ચ-૫ વિસ્તારમાં સવારે ૯.૩૦ થી ૧૧ કલાક દરમિયાન વાહનચાલકોને ટ્રાફિક નિયમ પાલન માટે સમજણ આપી હતી. આજના ઝડપીવાહન યુગમાં થોડીક સાવધાનીથી અકસ્માત નિવારી શકાય છે. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન એસએસવીના ટ્રસ્ટી સંજય પટેલ અને સમાજશાસ્ત્રના શિક્ષક પી.કે. સર દ્વારા કરવામાં આવ્યું હતું.

વીપીએમપી પોલીટકનીક ખાતે 'વિદ્યાર્થી જીવનમાં સફળતા મેળવવાની ચાવીઓ' વિષય અંગે વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૭

સેકટર-૧૫ ખાતે આવેલી વીપીએમપી પોલીટેકનીકમાં 'વિદ્યાર્થી જીવનમાં સફળતા મેળવવાની ચાવીઓ' વિષય ઉપર સંસ્થાના પહેલા સેમેસ્ટરના વિદ્યાર્થી માટે એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શહેરના જાણીતા યોગ શિક્ષક અને મોટીવેશનલ ટ્રેઈનર જે.સી. પટેલ હાજર રહ્યા હતા. શ્રીમદ ભગવદ ગીતાના 'મન એવં મનુષ્યાણમ કારણ બંધમોક્ષયો' એ સુત્રને ખૂબ જ સરળ સ્વરૂપમાં સમજાવતાં પટેલે જણાવ્યું હતું કે માનવ મનને એકાગ્ર કરીને વિદ્યાર્થી પોતાના અભ્યાસકાળ દરમિયાન નક્કી કરેલા તમામ ધ્યેયની પ્રાપ્તી કરી શકે છે. આ સાથે સાથે તરૂણાવસ્થામાં તણાવ મુકત રહેવાની સહેલી અને પ્રાયોગિક યોગની સમજ પણ આ સેમિનારમાં આપવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના આચાર્ય એ.જે. પટેલ, અધ્યાપકગણ ઉપરાંત હસમુખભાઈ પટેલ અને ૪૦૦થી વધુ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

ઈકો કલબ દ્વારા પર્યાવરણની સ્વચ્છતા અંગે કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૭

આરાધના વિદ્યાવિહાર, સે-૨૮, ગાંધીનગર ખાતે શાળાની ઈકો કલબ દ્વારા પર્યાવરણ અને સ્વચ્છતા સંદર્ભે વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, શાળામાં વર્ગખંડો, મેદાન, પુસ્તકાલય, લેબોરેટરી, કમ્પ્યુટર રૂમ તથા આજુબાજુના વિસ્તામાં સફાઈ જેવી વિવિધ પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી. સૌ વિદ્યાર્થીઓ અને શાળા પરિવારના સભ્યોએ સાથે મળી સફાઈ ઝુંબેશ કરી સ્વચ્છ ભારતના સપનાને સાકાર કરવા અને સ્વચ્છતા અંગે જાગૃતિ કેળવવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને પર્યાવરણમાં સ્વચ્છતાનું તથા વૃક્ષ ઉછેરનું મહાત્મ્ય આચાર્ય વી.ડી. પટેલે તેમજ ઈકો કલબના સંયોજક જે.વી. પટેલે સમજાવ્યું હતું. સંસ્થાના ચેરમેન આર.એ. પટેલે ઈકો કલબ અંગેની પ્રવૃત્તિઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં સમગ્ર વિદ્યાર્થીઓ, શૈક્ષણિક તથા વહીવટી સ્ટાફે સહયોગ આપી ઉત્સાહપૂર્વક ઉજવણી કરી હતી.

આજે જગદંબાની સાતમી શકિત મા કાળરાત્રીનું પૂજન

મા કાળરાત્રીના સ્મરણમાત્રથી દાનવ, દૈત્ય, રાક્ષસ અને ભૂતપ્રેત ભયભીત બની દૂર જ રહે છે : શકિતનું આ ડરામણું સ્વરૂપ ભકતો માટે અત્યંત શુભ

ગાંધીનગર, તા.૭

આદ્યશકિત જગત જનની જગદંબા સૃષ્ટિ અને બ્રહ્માંડની રચઈતા કહેવાય છે. ભૂમિ લોકની તમામ સમસ્યાઓનું હલ પણ માતાજી જ કરી શકે છે જેમાં મનુષ્યને કળીયુગમાં સતાવતી ભૂત-પ્રેત, મેલુ-ઘેલુ જેવી અગોચર પ્રવૃત્તિઓથી છુટકારો પણ મા જગદંબાના મહાનપર્વની સાતમી શકિત અપાવે છે. આજે મા દુર્ગાની સાતમી શકિત મા કાળરાત્રીનું પૂજન કરવામાં આવશે. આ પૂજનનું નવરાત્રીમાં ખૂબ જ મહત્વ રહેલું છે. જેમાં ખાસ કરીને દેવીભકતો, સાધકો, ભૂવા અને જયોતિષ કર્મ કરનાર વિશેષ પ્રકારની વિધિથી કાળરાત્રીને પ્રસન્ન કરવા પૂજન કરશે.

શકિત-ભકિત અને પરચાઓનો સમન્વય મા દુર્ગાના પર્વ નવરાત્રીમાં ઉભો થાય છે. સૃષ્ટિ ઉપર માનવજાતની ઉત્પત્તિ સાથે જ સમસ્યાઓ વણાયેલી હતી. જેમાં વળી અંધશ્રધ્ધાના આંચળ ઓઢી લોકોને ગેર માર્ગે લઈ જઈ ધૂતનારાઓની સંખ્યા હાલ દિન-પ્રતિદિન વધી રહી છે. નવરાત્રીના પર્વની સાતમી શકિતએ માનવજાતને આ ધૂતારાઓથી બચવા કાળરાત્રીનું સ્વરૂપ ધારણ કર્યું છે. કાળરાત્રીનું સ્વરૂપ ડરામણું છે જેના વર્ણન મુજબ આ માતાજીનો વર્ણ કાળો છે, ત્રણ મોટી મોટી આંખોમાંથી અગન વર્ષા થઈ રહી છે. નાસિકમાંથી પણ અગ્નિની ભયંકર જવાળાઓ નિરંતર નીકળતી રહે છે. ગળામાં ભવ્યમાળા ધારણ કરી છે. માની ચારભૂજાઓ પૈકી જમણી બાજુ ઉપરની ભૂજાથી મહામાયા ભકતોને વરદાન આપે છે અને નીચેની ભૂજાથી અભય રહેવાના આર્શીવાદ

પ્રદાન કરે છે જયારે ડાબી ભૂજામાં તલવાર અને ખડગ ધારણ કર્યા છે. માતાજી વાળ વિખરાયેલી સ્થિતિમાં ગધેડા ઉપર સવાર છે. દેવી શકિતના આ ભયાનક સ્વરૂપની અનુકંપા સદાય ભકતો ઉપર બની રહે છે અને અત્યંત શુભ અને લાભદાયક રહે છે.

નવરાત્રીના આ સ્વરૂપને કાળરાત્રી તરીકે ઓળખવામાં આવે છે. આ દિવસે સાધકનું મન 'સહસ્ત્રાર' ચક્રમાં સ્થિર હોય છે. જેથી બ્રહ્માંડની તમામ સિધ્ધીઓના દ્વાર ખુલે છે અને માતાજીના સાક્ષાત્કારથી મળતાં પુણ્યનો તે ભાગીદાર બને છે. મા કાળરાત્રી દુષ્ટોનો વિનાશ કરવાવાળી શકિત છે. દાનવ, દૈત્ય, રાક્ષસ, ભૂત-પ્રેત આદિ તેમના સ્મરણ માત્રથી ભયભીત થઈ દૂર જ રહે છે. નવરાત્રી દરમિયાન સાતમા સ્વરૂપનું પૂજન કરનાર સાધકને અગ્નિ, જળ, જંતુ, શત્રુ કે રાત્રિ ભય કયારેય સતાવતા નથી અને જીવનમાં આવનારા તમામ ગ્રહ કે અચડણોને દૂર કરે છે તેમજ માતાજીની કૃપાથી ભકત હંમેશા ભયમુકત રહે છે. કળીયુગમાં આ સ્વરૂપનું પૂજન સૌથી વધારે કરાતું હોય છે.

ચિરવિદાય

- સ્વ. વિમળાબેન ધનજીભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૬૨
- સ્વ. પટેલ હસમુખભાઈ ફકીરચંદ, ઉ.વ. ૬૧
- સ્વ. કિર્તિભાઈ નેમચંદભાઈ મહેતા, ઉ.વ. ૫૪
- સ્વ. વાઘેલા રણજીતસિંહ લક્ષ્મણસિંહ, ઉ.વ. ૬૮
- સ્વ. અરૂણાબેન ગણપતભાઈ દંતાણી, ઉ.વ. ૩૫
- સ્વ. વાળંદ અશોકકુમાર મગનભાઈ, ઉ.વ. ૪૨
- સ્વ. દયાનંદભાઈ રામજીભાઈ મકવાણા, ઉ.વ. ૬૩